**વિસ્તરણ શિક્ષણ નિયામક**
નવસારી કૃષિ યુનિવર્સિટી
**નવસારી**

.................................................................................................................

# પરિપત્ર

.................................................................................................
**વિષય : દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી "શ્રેષ્ઠ પુરુષ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"૨૦૨૫-૨૬ ની પસંદગી માટે અરજીઓ મંગાવવા બાબત.....**
.................................................................................................

દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી દર વર્ષે એક **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને એક **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"** નું સન્માન કરવાનું ઠરાવવામાં આવેલ છે. તે અનુસાર ચાલુ સાલ ૨૦૨૫ માટે દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"** ની પસંદગી માટેની માર્ગદર્શિકા અને અરજીપત્રકનો મુસદો મંજૂર કરવામાં આવેલ છે તે મુજબ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાના ખેડૂત સમુદાયમાંથી અરજીઓ મંગાવવામાં આવે છે. **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"** ની પસંદગીમાં ભાગ લેવા માટે આગામી **તારીખ.૩૧/૦૮/૨૦૨૫** સુધીમાં સામેલ નિયત અરજી પત્રકમાં અરજી તૈયાર કરી, આપશ્રીના જિલ્લાના સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રને અચૂક મોકલી આપવાની રહેશે. આ અરજી પત્રકો **આપશ્રીના જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મારફતે જ** મોકલવાની રહેશે જેની નોંધ લેવી. જે તે જિલ્લાના સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરજી પત્રકની પૂરતી ચકાસણી કરી જોડેલ ડોક્યુમેન્ટસની સચોટ ખરાઈ કરીને, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને આગામી **તારીખ.૧૫/૦૯/૨૦૨૫** સુધીમાં જરૂરી કાર્યવાહી અર્થે બિનચૂક મોકલી આપવાની રહેશે. **સમય મર્યાદા બાદ આવેલ અરજી પત્રકો રદ થયેલ ગણાશે જેની તાકીદ લેવી.**

આ સાથે **"શ્રેષ્ઠ પુરુષ ખેડૂત"** અને **"શ્રેષ્ઠ મહિલા ખેડૂત"**ની પસંદગી માટેની માર્ગદર્શિકા અને અરજીપત્રક સામેલ રાખેલ છે. જેનો સંપૂર્ણ અભ્યાસ કરી જરૂરી તમામ પુરાવાઓ સાથે અરજી કરી શકશો.

(સહી)
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**સામેલ** : ઉપર મૂજબ
જા. ન. નકૃયુ/વિશિની./ ડી .૨/ **શ્રેષ્ઠ ખેડૂત/વેબ.૦૭/૨૦૨૫**
તા. ૦૨ /૦૮/૨૦૨૫

# માર્ગદર્શિકા

## "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"-NAU-૨૦૨૫-૨૬

### કોણ અરજી કરી શકશે ?

આ એવોર્ડ મેળવવા નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યવિસ્તાર (દક્ષિણ ગુજરાતનાં સાત જિલ્લા)ના ખેડૂત ભાઈ/બહેન વ્યક્તિગત રીતે નીચે જાણાવેલ ક્ષેત્ર પૈકીએક ક્ષેત્રમાં આસાથેના નિયત અરજી પત્રકમાં માર્ગદર્શક નિયમોને આધીન અરજી કરવાની રહેશે. આ એવોર્ડમાં ભાગ લેવા ઈચ્છનાર પ્રગતિશીલ ભાઈ કે બહેને આ સાથેનું અરજી પત્રક કાળજી પૂર્વક ભરી નિયત સમય સુધીમાં જરૂરી બિડાણ સહિત જેતે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડાને મોકલી આપવાનું રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી અને અધૂરી વિગતોવાળું અરજી પત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
(કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સરનામા સામેલ છે).

**એવોર્ડ માટે કૃષિ અને કૃષિ સંલગ્ન વ્યવસાય જેવાકે:**

- સજીવ ખેતી,પ્રાકૃતિક ખેતી,સજીવ ખાતર, સંકલિત પોષણ વ્યવસ્થાપન,વર્મી કંપોસ્ટ, બાયો પેસ્ટીસાઇડ, બાયો એજન્ટ,બોટાનીકલ પેસ્ટીસાઈડ,સંકલિત જીવાત વ્યવસ્થાપન
- મરીમસાલા પાકો,ઔષધીય પાકો, સુગંધિત પાકો,વનીય વૃક્ષ ઉછેર
- ફળફળાદી પાકો
- શાકભાજીની ખેતી
- ફૂલોની ખેતી
- પિયત ખેતી હેઠળના પાકો
- બિન પિયત ખેતી હેઠળના પાકો,સૂકી ખેતી
- જમીન અને પાણી સંગ્રહ,પાણીની ઉપયોગિતા,કુદરતી સંસાધનોની જાળવણી, હવામાન,પાણી જમીન અને જૈવ વૈવિધ્ય
- ગ્રીનહાઉસ/પોલિ હાઉસ/નેટ હાઉસમાં ખેતી
- મૂલ્ય વૃદ્ધિ, પેકિંગ અને નવીન વેચાણ વ્યૂહરચના
- કૃષિ યંત્રિકીકરણ, ખેત ઓજાર સંશોધન, પાકની જાત સંશોધન
- મત્સ્યપાલન,રેશમકીડા ઉછેર,મધમાખી ઉછેર,મશરૂમની ખેતી
- પશુપાલન,ડેરી,મરઘાં ઉછેર,ઘેટાં ઉછેર,બકરી પાલન, અન્ય કૃષિ સલગ્ન વ્યવસાયિક પ્રવૃતિઓ

**એવોર્ડ માટેના માર્ગદર્શક નિયમો:**

૧. આ એવોર્ડ વ્યક્તિગત ખેડૂત માટેનો જ છે. વ્યક્તિગત ખેડૂત સિવાય ખેડૂતોના જૂથ/સોસાયટી /પેઢી કે કંપની. વગેરેની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. અરજદાર ખેડૂતનું નામ ૭/૧૨ અને ૮- અમાં હોય તેવા જ ખેડૂતે અરજી કરવી. ૭/૧૨ અને ૮- અમાં ખેડૂતનું નામ ન હોય તો પ્રમાણિત સરકારી વારસાઈ જોડવાની રહેશે.

૨. કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના સાત જીલ્લા પૈકી એક ખેડૂત અને એક ખેડૂત મહિલાની "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત" તરીકે પસંદગી કરવામાં આવશે.

૩. "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગીમાં ભાગ લેવા માટે નક્કી કરાયેલ અંતિમ તારીખ સુધીમાં નિયત અરજી પત્રકમાં અરજી કરવાની રહેશે. આ અરજી પત્રકો જે તે જિલ્લાના સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મારફતે જ અત્રે મોકલવાના રહેશે.

૪. "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત" ની પસંદગીમાં ભાગ લેવા માટે અરજદાર ખેડુત/મહિલાએ પોતાની સૂઝ અને પ્રયોગ દ્વારા મેળવેલી સિધ્ધીની સંપૂર્ણ વિગત સ્વહસ્તાક્ષરે અથવા ટાઈપ કરીને ભરવાની રહેશે. ખેડુતની અરજી લાયક છે તેની પસંદગી ચકાસણી ટીમ દ્વારા કરીને તે મુજબ ભલામણ કરશે.

૫. "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગીમાં ભાગ લીધેલ ખેડુત/મહિલાએ મેળવેલ સિધ્ધીઓના પરિણામો અન્ય ખેડૂતોને ત્યાં લાગુ કરવાની સંભાવનાઓ, ખેડૂતે મેળવેલ સિધ્ધીઓમાં શું વૈજ્ઞાનીક અભિગમ છે? અને કેટલા ખેડૂતોએ તેનો લાભ લીધેલ છે? તે અવશ્ય જણાવવાનું રહેશે.

૬. અરજીમાં વિષયને સુસંગત ફોટોગ્રાફ્સ ફરજિયાતપણે જોડવાના રહેશે. ફોટોગ્રાફ્સ વિનાની અરજી ધ્યાને/ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.અરજદાર ખેડૂત/મહિલાએ મેળવેલ સિધ્ધિઓ સબબના ઓછામાં ઓછા છેલ્લા ત્રણ વર્ષના પરિણામોને ધ્યાને લેવામાં આવશે.

૭. "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત" ની પસંદગી માટે પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. પસંદગી એ હક્કની બાબત નથી અને આ અંગે કોઈ દાદ-ફરિયાદ લક્ષમાં લેવામાં આવશે નહીં. પસંદગી સમિતિનો નિર્ણય કાયદાની પ્રક્રિયાથી પર રહેશે. આ બાબતમાં કોઈપણ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.

૮. "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગીમાં પસંદગી સમિતિ દ્વારા એક વખત એવોર્ડ પામ્યા બાદ ત્યાર પછીના વર્ષોમાં ફરીથી અરજી કરી શકશે નહીં જેની ખાસ નોંધ લેવી .

૯. "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"ની પસંદગીમાં ભાગ લેવા માટે એવોર્ડ સ્થળે પોતાના ખર્ચે આવવાનું રહેશે તથા અરજીમા જણાવેલ ક્ષેત્ર અંગેની માહિતીનું પ્રેઝન્ટેશન કરવાનું રહેશે.

**અરજી પત્રક મોકલવાના સરનામા:**

૧. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,નવસારી,જી. નવસારી -૩૯૪૪૫૦

૨. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત,જી. સુરત-૩૯૫૦૦૭

૩. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ડેડીયાપાડા,જી નર્મદા-૩૯૩૦૪૦

૪. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા,જી. તાપી-૩૯૪૬૫૦

૫. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વઘઇ,જી ડાંગ-૩૯૦૪૭૦

૬. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ચાસવાડ જી. ભરૂચ-૩૯૩૧૩૦

૭. સિનિયર સાઇન્ટિસ્ટ એન્ડ હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ગુજરાત વિધાપીઠ,અંભેટી જી.વલસાડ ૩૯૬૧૯૧

# "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"-NAU-૨૦૨૫-૨૬

## :: અરજીપત્રક ::

**પ્રતિ,**
વિસ્તરણ શિક્ષણ નિયામક,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

**વિષય: "શ્રેષ્ઠ ખેડૂત" અને "શ્રેષ્ઠ મહિલા ખેડૂત"-NAU-૨૦૨૫-૨૬ એવોર્ડમાં ભાગ લેવા માટેનુંઉમેદવારી પત્રક મોકલવા બાબત...**

**માનનીય સાહેબશ્રી,**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે હું નામે શ્રી/શ્રીમતી ...................................................................................... વર્ષ:૨૦૨૫-૨૬ ના **"શ્રેષ્ઠ ખેડૂત (પુરુષ)" અને "શ્રેષ્ઠ ખેડૂત(મહિલા) "-NAU-૨૦૨૫-૨૬** એવોર્ડ મેળવવામાટેનું નિયત અરજીપત્રક એક નકલમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જિલ્લા:...................... ના વડાને મોકલી આપું છું, તેથી ઘટતી આગળની કાર્યવાહી થવા વિનંતી છે.

સામેલ : અરજીપત્રક

**(ખેડૂત/ખેડૂતમહિલાની સહી )**

..................................................................................................................................................................

**મારફત રવાના** :જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા

ઉપરોક્ત આવેલ શ્રી/શ્રીમતી ...................................................................................................................... ખેડૂત/ખેડૂતમહિલાની અરજી આ સાથે સામેલ છે.જેની પૂરતી ચકાસણી કરી જોડેલ ડોક્યુમેન્ટસની સચોટ ખરાઈ કરીને, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે. આ અરજી સાથે સામેલ તમામ વિગત, ડૉક્યુમેન્ટસ, ફોટોગ્રાફ્સ, આવક-જાવકના હિસાબ, અન્ય આંકડાકીય માહિતીની સચોટ તપાસ કરીને મોકલવામાં આવે છે; જે બાબતેનું હું નીચે સહી કરનાર પ્રમાણપત્ર આપું છું.

સ્થળ :
તારીખ: **(જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડાનીસહી અને સિક્કો)**

**"શ્રેષ્ઠ ખેડૂત (પુરુષ)"અને "શ્રેષ્ઠ ખેડૂત(મહિલા)"-NAU-૨૦૨૫-૨૬**

:: **અરજી પત્રક**::

| | |
|---|---|
| ૧. ખેડૂત નું નામ :............................................................... | ફોટો |
| ૨. સરનામું :.................................................................. | |
| પો.............................. તા.......................... જી.......................... | |
| ફોન નં. ...................................................... | |
| ૩. જન્મ તા.. ..................................વર્ષ;.................................... | |
| ૪ . શૈક્ષણિકલાયકાત:.................................................................................. | |

૫. મુખ્ય વ્યવસાય :.................................................................................

૬. ખેતીના આ વ્યવસાયમાં કેટલા વર્ષ થી જોડાયલા છો ?:..............................વર્ષ

૭. આ વ્યવસાય સાથે કોઈ આનુષંગિક વ્યવસાય અપનાવેલ હોયતો તેની વિગત

.................................................................................................................................

.................................................................................................................................

.................................................................................................................................

૮. ધારણ કરેલ જમીન ની વિગત :

પિયત :...............હે,.............. બિનપિયત :.................. હે................. કુલ :................. હે..

**નોંધ : ૭/૧૨ અને ૮-અ ઉતારાની નકલ અવશ્ય જોડવી.**

૯. પિયતનું સાધન :

ટ્યૂબવેલ :.. .............હે. કેનાલ :................ હે..અન્ય સાધન:.................. હે.

૧૦. નવીન પધ્ધતિ /ટેક્નોલોજી અપનાવતા પહેલાજે ખેતી કરતાં હતા તેની સંક્ષિપ્ત વિગતો આપો (અન્ય વ્યવસાય હોય તો તેની આનુષંગિક વિગતો આપો )

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

| | |
|---|---|
| ૧૧. | જેતે વિષયમાં સિધ્ધી અંગેની પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે થઈ તેની સંક્ષિપ્ત વિગત : |

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૧૨. જે બાબતે સિધ્ધી મેળવેલ છે તેની છેલ્લા ત્રણ વર્ષની વિગત :

(ક)પ્રણાલીગત ખેતી પધ્ધતિ

(ખ) અપનાવેલ નવીન અભિગમની વિસ્તૃત માહિતી

નોંધ : ફોટોગ્રાફ્સ /સીડી/ડીવીડી આધાર પુરાવા માટે સામેલ કરવાના રહેશે.

(ગ)સિધ્ધિની વિસ્તૃત માહિતી

૧૩. આપની સિધ્ધિને લગતી આકડાકીય માહિતીનો સમાવેશ કરવો :

**(ક)કૃષિ ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષની વિગત :**

| વિગત | ૨૦૨૨-૨૩ | | | ૨૦૨૩-૨૪ | | | ૨૦૨૪-૨૫ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખરીફ | રવિ | ઉનાળુ | ખરીફ | રવિ | ઉનાળુ | ખરીફ | રવિ | ઉનાળુ |
| પાક | | | | | | | | | |
| કુલ વિસ્તાર ( હેક્ટર ) | | | | | | | | | |
| કુલ ઉત્પાદન (કી.ગ્રા.) | | | | | | | | | |
| કુલ આવક (રૂ.) | | | | | | | | | |
| કુલ ખર્ચ (રૂ.) | | | | | | | | | |
| કુલ ચોખ્ખો નફો.(રૂ.) | | | | | | | | | |
| પ્રતિ હેક્ટર વિસ્તારની માહિતી | | | | | | | | | |
| ઉત્પાદન (કી.ગ્રા./હે.) | | | | | | | | | |
| આવક (રૂ/હે.) | | | | | | | | | |
| ખર્ચ (રૂ./હે.) | | | | | | | | | |
| નફો (રૂ./હે.) | | | | | | | | | |
| | | | | | | | | | |

નોંધ : (૧)આકડાકીય માહિતી તેમજ ઉત્પાદનનો આધાર રજૂ કરવાનો રહેશે.

(૨) વધારાની માહિતી માટે જરૂરી વધારાના પત્રક રજૂ કરવા.

(ખ)પશુપાલન ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષની વિગતો :

| વર્ષ | કુલ પશુઓની સંખ્યા | દુજણા પશુઓની સંખ્યા | વર્ષ દરમ્યાન કુલ આવક(રૂ) | વર્ષ દરમ્યાન કુલ ખર્ચ(રૂ) | વર્ષ દરમ્યાન કુલ નફો(રૂ) | દુજણા પશુ દીઠ વાર્ષિક નફો(રૂ) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | | | | | | | |
| ૨૦૨૩-૨૪ | | | | | | | |
| ૨૦૨૪-૨૫ | | | | | | | |

નોંધ : (૧)ઘાસ/દાણ /મજૂરી તેમજ અન્ય કુલ ખર્ચમાં સામેલ કરવાના રહેશે

(૨)દૂધ સિવાયની આવક અલગથી બતાવવાની રહેશે

(ગ) અન્ય કૃષિ સલગ્ન વ્યવસાયિક પ્રવૃતિઓ/ ક્ષેત્રની છેલ્લા ત્રણ વર્ષ ની વિગત :

અન્ય વ્યવસાયિકકૃષિ સલગ્ન પ્રવૃતિઓ /ક્ષેત્ર નો વિષય :......................

| વર્ષ | વર્ષ દરમ્યાન કુલ આવક (રૂ) | વર્ષ દરમ્યાન કુલ ખર્ચ (રૂ) | વર્ષ દરમ્યાન કુલ નફો (રૂ) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | | | | |
| ૨૦૨૩-૨૪ | | | | |
| ૨૦૨૪-૨૫ | | | | |

નોંધ :દર્શાવેલ આવકના પુરાવા સામેલ રાખવા

(ચ) સ્થાનીક પદ્ધતિની સાપેક્ષમાં નવીન પધ્ધતિ થી થયેલ ફાયદા :

(૧૪) આપે જે બાબતે સિધ્ધી મેળવેલ છે તેનો અન્ય ખેડૂતોએ લાભ લીધો હોય /ખેડૂતોને માર્ગદર્શન આપેલ હોય /અન્ય ખેડૂતોએ અપનાવેલ હોય તો તેની વિગત

(૧૫) આપે જે બાબતે સિધ્ધી મેળવેલ છે તે સંદર્ભે કૃષિ યુનિવર્સિટીના અધિકારી વૈજ્ઞાનીક /કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો સાથે પરામર્શ કે વિચાર વિનિમય કરેલ હોય તો તેની વિગત :

____________________

____________________

____________________

____________________

____________________

(૧૬) આપની સિધ્ધી સ્થાનિક પધ્ધતિ કરતાં કઈ રીતે ચઢિયાતી છે?તેની વિગત તેમજ તે પધ્ધતિ બીજા ખેડૂતો અપનાવેતો શું ફાયદો થઈ શકે તેઅંગે આપના વિચારો

____________________

____________________

____________________

____________________

____________________

(૧૭) આપની આ સિધ્ધિ અથવા અન્ય કોઈ સિધ્ધિ માટેકોઈ એવોર્ડ મળેલ હોય તો જણાવો:

| ક્રમ | એવોર્ડનું નામ | વિષય/ક્ષેત્ર | એવોર્ડ આપનાર સંસ્થાનું નામ | વર્ષ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

:: <u>બાંહેધરી</u>::

"શ્રેષ્ઠ ખેડૂત (પુરુષ) " અને "શ્રેષ્ઠ ખેડૂત (મહિલા)" -NAUમાટે ઉપરોક્ત આપેલી માહિતી સાચી છે. જે ખોટી પુરવાર થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. અરજી નામંજૂરને પાત્ર ઠરશે તો તે બાબતે હું સમિતિનો નિર્ણય સ્વીકારીને મારી ઉમેદવારી રદબાતલ માનીશ. જે મારા ધ્યાનમાં છે. એવોર્ડ માટે સમિતિ જે નિર્ણય લેશે તે મને બંધનકર્તા રહેશે આ માટે હું કોઈ હક્કદાવો કરીશ નહીં કે તે અંગે કોઈ પત્ર વ્યવહાર અથવા કાયદાકિય કાર્યવાહી કરવા હકદાર રહિશ નહિ.

જો "શ્રેષ્ઠ ખેડૂત (પુરુષ) " અને "શ્રેષ્ઠ ખેડૂત (મહિલા)" -NAU-૨૦૨૫-૨૬ માટે મારી પસંદગી થશે તો મારા પોતાના ખર્ચે એવોર્ડનાં સ્થળે ઉપસ્થિત રહી મેં મેળવેલ સિધ્ધી બાબતનું પ્રેઝન્ટેશન રજૂ કરવાની બાંહેધરી આપું છું.

સ્થળ :

તારીખ :

ખેડૂતનું નામ તથા સહી